# મારું જીવન અંજલિ થાજો

જીવન અંજલિ થાજો ! મારું જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીનદુ:ખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !સતની કાંટાળી કેડી પર
પુષ્પ બની પથરાજો,ઝેર જગતનાં જીરવી જીરવી
અમૃત ઉરનાં પાજો !મારું જીવન અંજલિ થાજો !

વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો !
મારું જીવન અંજલિ થાજો !વમળોની વચ્ચે નૈયા મુજ
હાલકડોલક થાજો;શ્રદ્ધા કેરો દીપક મારો
નવ કદીયે ઓલવાજો !મારું જીવન અંજલિ થાજો !

PORTLAND PANDIT